# India - Germany Virtual Foreign Secretary-level Consultations

June 26, 2020

## ભારત - જર્મનીનાં વિદેશ સચિવ સ્તરનાં વર્ચ્યુઅલ પરામર્શો

જૂન 26, 2020

આજે ભારત અને જર્મનીએ વિદેશ સચિવ સ્તરનાં વર્ચ્યુઅલ પરામર્શો યોજ્યા હતા. ભારતનાં વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રૃંગલા અને જર્મન ફેડરલ ફોરેન ઓફિસનાં સ્ટેટ સેક્રેટરી શ્રી મિગ્યુએલ બર્ગરે વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારની ચર્ચા કરી હતી અને પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું. બન્ને પક્ષોએ દવાઓ, ઇક્વિપમેન્ટ અને ટેકનોલોજીનાં પૂરવઠા સહિત કોવિડ-19 નાં પડકારોને સંબોધવામાં વ્યાપક સહકારની સમીક્ષા કરી હતી. તેઓ દ્વિપક્ષીય સહકારનાં વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવા અને ભારત માટે આગામી સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનાં સભ્યપદ (2021-22) અને જી-20 અધ્યક્ષતા અને જર્મનીનાં હાલનાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં સભ્યપદ અને યુરોપિયન યુનિયનની આગામી અધ્યક્ષતાનાં સંદર્ભમાં પરામર્શો શરૂ કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**જૂન 26, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.